## ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો



■ સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે શહેરીજનોએ આજે દયાળજી બાગ ખાતે જઇને તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં. **( તસવીર : સતીષ જાદવ)**

# શહેરમાં ધો.૭ની વિદ્યાર્થિની સહિત છ લોકોના આપઘાત

**ઉત્તરાયણની** આસપાસના દિવસો ભારે સાબિત થયા, 3 શ્રમજીવીના અને 2 યુવા પરિણીતાઓએ પણ અંતિમ પગલું ભરી લીધું

સુરતઃ શહેરમાં અલગ અલગ બનાવોમાં છ લોકોએ આપઘાત કર્યાની ઘટનાઓ સામે આવી છે. સામાન્ય રીતે ઉતરાણના દિવસો ભારે કહેવાતા હોય છે. આ દિવસોમાં આપઘાત કે અકસ્માતના બનાવો વધી જતા હોય છે.

મળેલી માહિતી મુજબ, કતારગામ ખાતે સંતોષીનગર સોસાયટીમાં રહેતા કૃષ્ણભાઈ માલા રેતી કપચીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. કૃષ્ણભાઈની પત્ની ૩૪ વર્ષીય પ્રતિભાબેને ગઈકાલે સવારે ઘરે ઝેર પી લેતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મધ્યરાત્રિએ તેમનું મોત નીપજ્યું હતું.

પ્રતિભાબેને ઘરકંકાશમાં અંતિમ પગલું ભર્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

બીજા બનાવમાં, મૂળ ઓરિસ્સાના વતની અને હાલ કતારગામ ખાતે રામકૃપા બિલ્ડિંગમાં ૧૫ વર્ષીય પ્રિયંકા બિક્રમ કંગાલી સિઠા પરિવાર સાથે રહેતી હતી અને અમરોલીની ઉડિયા સરકારી સ્કૂલમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી હતી. ગઈકાલે રાત્રે અગમ્ય કારણોસર પ્રિયંકાએ ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.ત્રીજા બનાવમાં, મૂળ ઓરિસ્સાના વતની અને હાલ સચિન જીઆઈડીસી ખાતે ડીએમ નગરમાં રહેતો ૩૦ વર્ષીય અશોક ડાક ગૌડ સંચાખાતામાં કામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. આજે વહેલી સવારે અશોકે ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. અશોકને લગ્ન કરવાની ઈચ્છા હતી, પરંતુ પરિવારે થોડા સમય બાદ લગ્ન કરવા જણાવતા જે વાતનું માઠું લગાડી તેણે અંતિમ પગલું ભરી લીધું હતું.

ચોથા બનાવમાં, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ પુણાગામ અર્ચના સ્કૂલ પાસે સીતારામ સોસાયટીમાં રહેતા ૨૦ વર્ષીય શિવમ રૂપરામ સૌન મજુરીકામ કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. ગઈકાલે રાત્રે શિવમે ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પાંચમા બનાવમાં, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ એ.કે. રોડ પર આવેલ મૌની ડાયમંડ ચંદા નિવાસ ખાતે ૨૩ વર્ષીય પ્રીતિબેન બ્રિજેશકુમાર કુશવાહ પરિવાર સાથે રહેતી હતી. તેમના પતિ મજૂરીકામ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. ગઈકાલે સાંજે અગમ્ય કારણોસર પ્રીતિબેને ઘરે રૂમમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. અન્ય બનાવમાં, મૂળ ઓરિસ્સાના વતની અને હાલ ભેસ્તાન આદર્શ નગરમાં રહેતા ૪૦ વર્ષીય કૃનાલ પ્રકાશભાઈ પ્રધાન મજૂરીકામ કરતો હતો. આજે બપોરે અગમ્ય કારણોસર કૃનાલે ઘરમાં હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# ડિંડોલીમાં ફરી ગુંડારાજ ડોકાયું કાકાનું મર્ડર, ભત્રીજો ગંભીર

**ગુટખા** ખાવા જેવી નજીવી બાબતમાં બે હુમલાખોરો બેફામ બન્યા, ઘરમાં ઘૂસી આડેધડ ચપ્પુના ઘા ઝીંક્યા

**પોલીસે** ગણતરીના કલાકોમાં બે હત્યારાને દબોચી લીધા

સુરતઃ ડિંડોલીમાં ગત રવિવારની રાત્રે માત્ર ગુટખા ખાવા જેવી નજીવી બાબતે થયેલો ઝઘડો હત્યામાં પરિણમતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. નવાગામમાં રહેતા એક આધેડ પોતાના ભત્રીજાનો ઝઘડો શાંત કરાવવા વચ્ચે પડ્યા હતા, જેની અદાવત રાખી બે યુવકે ઘરમાં ઘૂસી કાકાની હત્યા કરી નાંખી હતી. આ હુમલામાં ભત્રીજાને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે. પોલીસે ગણતરીના સમયમાં બંને હુમલાખોરને પકડી લીધા છે.

ઘટનાની વિગતો મુજબ, ડિંડોલી નવાગામમાં નરોત્તમ નગરમાં રહેતા રાહુલ પાટીલ અને આજ સોસાયટીમાં રહેતા કમલાકર ઉર્ફે કિરણ અને યશ ઉર્ફે દાદુ વચ્ચે ગુટખા ખાવા બાબતે તકરાર થઈ હતી. રાહુલ પાટીલ ઝઘડો શાંત કરાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે મામલો ઉગ્ર બનતા તેણે મદદ માટે પોતાના કાકા રામકૃષ્ણ ઉર્ફે નાના રાજારામ પાટીલને બોલાવ્યા હતા. તે સમયે કાકાને આવતા જોઈ બંને આરોપી ત્યાંથી ભાગી છૂટ્યા હતા.

વિવાદ ત્યાં જ સમશે તેમ માની કાકા-ભત્રીજો ઘરે પરત ફર્યા હતા. પરંતુ, થોડી જ વારમાં બંને આરોપી ચપ્પુ જેવા તીક્ષ્ણ હથિયારો સાથે રામકૃષ્ણ પાટીલના ઘરે ધસી આવ્યા હતા. આરોપીઓએ રામકૃષ્ણ પાટીલ પર આડેધડ ચપ્પુના ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. પોતાના કાકાને બચાવવા વચ્ચે પડેલા રાહુલ પર પણ હુમલાખોરોએ પ્રહાર કર્યા હતા.

લોહીલુહાણ હાલતમાં કાકા-ભત્રીજાને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન રામકૃષ્ણ પાટીલનું મોત નીપજ્યું હતું, જ્યારે રાહુલ પાટીલ હાલ હોસ્પિટલમાં જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. ડિંડોલી પોલીસ ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી ગણતરીના કલાકોમાં જ બંને આરોપી કમલાકાર ઉર્ફે કિરણ અને યશ શિંદેની ધરપકડ કરી લીધી છે. પોલીસે બંને વિરુદ્ધ હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉત્તરાયણના પર્વે BRTS બસ સેવા સંપૂર્ણ બંધ રહેશે

**સિટી** બસ પણ માત્ર 30 ટકા જ દોડશે

**વાસી** ઉત્તરાયણે BRTS બસ 30 ટકા અને સિટી બસ 50 ટકા દોડશે

સુરતઃ ઉત્તરાયણ પર્વ દરમિયાન નાગરિકોની સુરક્ષા જળવાઈ રહે અને અકસ્માતોની શક્યતા ઘટે તે હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના શિડ્યુલમાં મહત્વના ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે. આગામી તા. 14/01/2026 (ઉત્તરાયણ) ના રોજ સુરત શહેરમાં તમામ BRTS બસ સેવા સદંતર બંધ રાખવામાં આવશે, જ્યારે સિટી બસ સેવા માત્ર 30 ટકા શિડ્યુલ સાથે જ કાર્યરત રહેશે. આ નિર્ણય ખાસ કરીને BRTS કોરિડોરમાં પતંગ ચગાવવા અથવા પકડવા દરમિયાન થતી દુર્ઘટનાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હોવાનું સુરત સિટીલિંક લિમિટેડ દ્વારા જણાવાયું છે. તે ઉપરાંત, તા. 15/01/2026 (વાસી ઉત્તરાયણ) ના રોજ મુસાફરોને આંશિક રાહત આપવામાં આવશે. આ દિવસે BRTS બસ સેવા 30 ટકા શિડ્યુલ સાથે અને સિટી બસ સેવા 50 ટકા શિડ્યુલ સાથે ચાલુ રહેશે. ઉલ્લેખનીય છે કે, સુરત શહેરમાં હાલ 108 કિમી લાંબા BRTS કોરિડોર પર 367 બસો તથા 45 સિટી બસ રૂટ પર 387 બસો દ્વારા દૈનિક 2 લાખથી વધુ મુસાફરોને પરિવહન સુવિધા પૂરી પાડવામાં આવે છે. બસ સેવામાં કરવામાં આવેલા આ ફેરફારો અંગે સુરત સિટીલિંક લિમિટેડ દ્વારા શહેરીજનોને અગાઉથી નોંધ લેવા અપીલ કરવામાં આવી છે.

## અમરોલીમાં દાદીને મળવા જતા યુવકની મોપેડને લક્ઝરી બસે ટક્કર મારતા મોત

સુરતઃ અમરોલી માનસરોવર સર્કલ પાસે મનીષા ગરનાળા તરફ જતા રોડ પર લક્ઝરી બસે અડફેટે લેતાં મોપેડચાલક યુવકનું મોત થયું હતું. કશ્યપ ઈશ્વરભાઈ પટેલ કાપોદ્રા વિસ્તારમાં જીઇબી પોલીસ સ્ટેશનમાં કોન્ટ્રાક્ટ બેઝ પર કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતો હતો. તેમના પિતા કાપોદ્રા જીઇબી પોલીસ સ્ટેશનમાં જીપ્સી પર ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ગઈકાલે રાત્રે કશ્યપ મોપેડ પર ઘરેથી દાદીને મળવા માટે જઈ રહ્યો હતો. અમરોલી માનસરોવર સર્કલ પાસે મનીષા ગરનાળા તરફ જતા રોડ પર લક્ઝરી બસના ચાલકે કશ્યપને અડફેટે લેતા ગંભીર ઈજાને પગલે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે.

# કોર્ટમાં 15 જાન્યુ.એ એકતરફી હુકમ નહીં કરવા રજૂઆત

**વાસી** ઉતરાણને લક્ષમાં રાખી વકીલ મંડળે ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજને પત્ર પાઠવ્યો

સુરતઃ મકરસંક્રાંતિનાં તહેવારને ધ્યાનમાં રાખી ૧૫મી જાન્યુઆરીએ પક્ષકાર કે વકીલનાં હિતને નુકશાન નહીં થાય તે રીતે જે તે કામ જે તે સ્ટેજે રાખવાં સુરત જિલ્લા વકીલ મંડળે પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજને વિનંતી કરી હતી.

સુરત જિલ્લા વકીલ મંડળે પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજને પાઠવેલા પત્રમાં જણાવ્યું હતું કે ચાઈનીઝ દોરા તથા પતંગનાં દોરાથી ગળા, હાથ અને શરીર પર ગંભીર ઈજાઓ થવાની ઘટનાઓ સતત સામે આવતી હોય છે. જાહેર સલામતીનાં ભાગરૂપે સુરત શહેરના તમામ બ્રિજ દ્વિચક્રીય વાહનોનાં અવર-જવર માટે પ્રતિબંધિત હોય છે. જિલ્લા ન્યાયાલય પણ મુખ્ય રાજમાર્ગ પર જ છે. જેથી વકીલો, પક્ષકારોને અને કોર્ટ કર્મચારીઓને આવવા જવામાં ઘણી મુશકેલીઓનો સામનો કરવો પડે તેમ છે.

આ તમામ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, ૧૫/૦૧/૨૦૨૬, ગુરૂવારે જો કોઈ વકીલ કે પક્ષકારો કોર્ટમાં ગેરહાજર હોય કે કોર્ટમાં સમયસર પહોંચી શકે તેમ ન હોય, તો આ તારીખે સુરત જિલ્લા કોર્ટનાં જે તે કામ જે તે સ્ટેજે રાખી, પક્ષકાર કે વકીલનાં હિતને નુકસાન ન થાય તે રીતે નોટિસ કે વોરંટ વિગેરે નહીં કાઢી એકતરફી હુકમ નહીં કરી, પક્ષકાર કે વકીલ તરફથી મુદત માંગવામાં આવે તો તે મંજૂર કરવા વિનંતી કરવામાં આવી છે.

## લસકાણા ડાયમંડ નગર પાસે પગપાળા શ્રમજીવીનું વાહન અડફેટે મોત

સુરતઃ લસકાણા ડાયમંડ નગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે એક વાહનચાલકે શ્રમજીવી યુવકને અડફેટે લેતા મોત થયું હતું. મળતી માહિતી અનુસાર, મૂળ ઓરિસ્સા ગંજામના વતની ચરણકુમાર જગન્નાથ ભુયાન (37 વર્ષ) હાલ લસકાણા ડાયમંડ નગરમાં રહેતા હતા અને સંચા ખાતામાં કામ કરી વતનમાં રહેતા પરિવારનું ભરણપોષણ કરતા હતા. ગઈકાલે રાત્રે ચરણકુમાર કામ માટે પગપાળા જવા નીકળ્યા હતા.

દરમિયાન લસકાણા ડાયમંડ નગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે સીએનજી પંપ નજીક વાહનચાલકે ચરણકુમારને અડફેટે લેતાં ગંભીર ઈજાને પગલે તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

# રૂા. 1550 કરોડના સાયબર ફ્રોડમાં હવે EDની પણ એન્ટ્રી

**ઉધના** પોલીસે જાણ કરતાં ઈનકમટેક્સ વિભાગ પણ જોડાયું,

**EDએ** આરોપીઓની 6 કલાક પૂછપરછ કરી, ચામડીયા પ્રતિ યુએસડીટી દીઠ 20 પૈસા કમિશન લેતો હતો

### ચામડીયા ડુપ્લિકેટ શુઝ વેચતા ઝડપાયો હતો

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, ચામડિયા છેલ્લા દોઢ વર્ષથી આંગડીયા પેઢીના સંચાલક ચિરાગ અને પ્રવિણ સાથે વ્યવહારમાં હતો. પોતે શુઝનો ધંધો કરતો હોવાનું કહી પેઢી મારફતે નાણાં મોકલાવતો અને તે રકમ યુએસડીટીમાં કન્વર્ટ કરાવી લેતો હતો. જેના બદલામાં તેને પ્રતિ યુએસડીટી દીઠ 20 પૈસા કમિશન ચૂકવવામાં આવતું હતું. અબ્દુલરબ ચામડીયા શહેરમાં શુઝની ચાર દુકાન ધરાવે છે. આ દુકાનોમાં બ્રાન્ડેડ કંપનીના શુઝના નામે ફર્સ્ટ કોપી કહીને ડુપ્લિકેટ શુઝ વેચતો હતો. લાલગેટ પોલીસ તેની સામે ગુનો પણ દાખલ કર્યો હતો.

સુરતઃ ઉધના પોલીસે ઝડપી પાડેલા 1550 કરોડના સાયબર ફ્રોડ કેસમાં વધુ ચાર આરોપી પકડાયા બાદ હવે ઇડીની પણ એન્ટ્રી થઇ છે. ત્યારે હવે આરોપીના તમામ વ્યવહારની ઝીણવટભરી તપાસ શરૂ થશે. આવતીકાલે આ મામલે ઉધના પોલીસે ઇન્કમ ટેક્સને પણ જાણ કરતા તપાસમાં ઇકમટેક્સ પણ જોડાશે ઉધના પોલીસે પકડી પાડેલા રૂ.1550 કરોડના સાયબર ફ્રોડ પ્રકરણમાં પોલીસે વધુ ચાર આરોપીને પકડી પાડી રોકડ, હીરા અને સોનું મળીને કુ રૂ.2.60 કરોડનો મુદ્દામાલ કબજે લીધો હતો. આ સાયબર ફ્રોડના ગુનામાં હજુ સુધી 200 કરોડના વ્યવહાર થયા હોવાનું બહાર આવ્યું છે. ત્યારે હવે આ કેસમાં ઇડીની એન્ટ્રી થઈ છે. પોલીસની સાથે ઇડીએ પણ તપાસ શરૂ કરી છે. ઇડી દ્વારા આરોપીઓની 6 કલાક પૂછપરછ પણ કરાઈ હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે પકડાયેલા ચારેય આરોપીના બેંક એકાઉન્ટની તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત ડિજિટલ વોલેટ અને તેમાં થયેલા વ્યવહારની પણ ચકાસણી કરવામાં આવશે. તેમજ ચાઇનિઝ ગેંગને આ નાણાં કયા મધ્યમથી મોકલવામાં આવતા હતા તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

# 10 હજારમાં 1 લાખની નકલી નોટ

**એક** વર્ષમાં 25 લાખ વટાવ્યા, રત્નકલાકાર ઝડપાયો





સુરતઃ વરાછામાં એસઓજી (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)ની ટીમે બાતમીના આધારે એક રત્નકલાકારને રૂ.5 લાખની બનાવટી ભારતીય ચલણી નોટો સાથે ઝડપી પાડ્યો છે. આ કેસના તાર અમરેલી જિલ્લા સુધી લંબાયા છે, જ્યાં પોલીસે ઓપરેશન હાથ ધરી મુખ્ય આરોપીની પણ ધરપકડ કરી લીધી છે. એસઓજીને બાતમી મળી હતી કે એક શખ્સ સાંજના સમયે ભીડભાડવાળા શાકભાજી માર્કેટ અને નાની છુટક દુકાનોમાં નકલી નોટો વટાવી રહ્યો છે.

વરાછા રોડ સ્થિત સાધના ચેમ્બર્સ પાસે એસઓજીની ટીમે રવિવારે સાંજે વોચ ગોઠવી બાઈક પર આવેલા પરેશ પુનાભાઈ હડીયા (રહે. ચામુંડાનગર સોસાયટી, પુણાગામ, મૂળ રહે. ઘાંડલા, સાવરકુંડલા)ને અટકાવી તલાશી લેતા તેના ખિસ્સામાંથી તેમજ બાદમાં તેના ઘરેથી પોલીસને રૂ. ૫,૦૦,૫૦૦ની કિંમતની ૫૦૦ના દરની નકલી નોટો મળી આવી હતી.

પરેશની પ્રાથમિક પૂછપરછમાં આ નકલી નોટો તેને તેના જ ગામના રાજુ કનુભાઈ વાઘમશી (રહે. ઘાંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી)એ આપી હતી. સુરત એસઓજીની એક ટીમે સાવરકુંડલામાં ધામાં નાંખી મુખ્ય આરોપી રાજુને ઝડપી પાડ્યો હતો.

પરેશ છેલ્લા છ વર્ષથી સુરતની કિરણ ડાયમંડ નામની હીરા પેઢીમાં નોકરી કરે છે.

હીરા મજૂરીમાં તેનો 20 હજાર પગાર પણ હતો. પણ ટૂંક સમયમાં વધુ પૈસા કમાવાની લાયમાં એક વર્ષથી નકલી નોટોનો વેપલો કરતો હતો.

### 10 હજારમાં વતનથી 1 લાખની નકલી નોટ ખરીદતો, ખેતીના પાકોના બિલ સાથે લાવતો

સાવરકુંડલાના રાજુ પાસેથી પરેશ રૂ.10 હજારમાં 1 લાખની નકલી નોટ લાવતો હતો, આ નોટ શહેરમાં વટાવતો હતો. પ્રથમ વખત નોટ લાવી વટાવી પૈસા જોઈ મોહાઈ ગયો હતો. જેથી તે ખુદ નોટ લેવા વતનમાં ખેતીના કામકાજ માટે જતો હતો. ત્યાંથી ખેતીના પાકોના બિલ સાથે નોટ લાવતો હતો, જેથી રસ્તામાં કોઈ રોકે તો બિલ રજૂ કરી છટકી શકાય.

### નોટોમાં એક જ સીરીયલ નંબરની માયાજાળ: હાઈ ક્વોલિટી પ્રિન્ટ છતાં સિક્યોરિટી થ્રેડનો અભાવ

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ નોટો છાપવા માટે અત્યંત આધુનિક પ્રિન્ટર અને ખાસ પ્રકારના પેપરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો કે, આરોપીઓની એક મોટી ભૂલ તેમને ભારે પડી ગઈ. જપ્ત કરાયેલી તમામ 500ની નોટો પર એક જ સીરીઝના નંબર છાપેલા હતા. સામાન્ય નજરે આ નોટો અસલી જેવી જ જણાતી હતી, પરંતુ તેમાં સિક્યુરિટી થ્રેડનો અભાવ હતો, જે તેની નકલી હોવાની સૌથી મોટી સાબિતી બની હતી.

દારૂના અડ્ડા, તેની પાસેની નાની દુકાનો એન શાકભાજી માર્કેટમાં સાંજના સમયે નોટ વટાવતો હતો. રોજની 5000 જેટલી નોટ વટાવી લેતો હતો, અત્યાર સુધી 25 લાખથી વધુની નકલી નોટ વટાવી ચૂક્યો છે.

## પતિએ બાળકોને આપેલા ઠપકાથી વ્યથિત પરિણીતાએ ડીઝલ છાંટી અગ્નિસ્નાન કર્યું

સુરતઃ ઈચ્છાપોરમાં પતિએ રમવા બાબતે બાળકોને ઠપકો આપતા માતાએ ડીઝલ છાંટી અગ્નિસ્નાન કરી આપઘાત કરી લીધો હતો. મૂળ બિહારના વતની રણજીત શાહ હાલ ઈચ્છાપોર વિસ્તારની જયરાજ સોસાયટીમાં, પત્ની પ્રતિમાદેવી (33 વર્ષ) તેમજ ત્રણ સંતાન સાથે રહે છે. રણજીત વેલ્ડિંગનું કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. ગત 4થી જાન્યુઆરીએ સાંજે રણજીત કામ પરથી ઘરે આવ્યો, ત્યારે તેના બાળકો રમી રહ્યા હતા. જેથી તેણે ''તમે બસ આખો દિવસ રમ્યા કરો, સ્કૂલે કેમ નથી જતા?'' તેવો બાળકોને રમવા બાબતે ઠપકો આપ્યો હતો. આ વાતનું પ્રતિમાદેવીને માઠું લાગી આવ્યું હતું અને તેણે કિચનમાં મૂકેલું ડીઝલ છાંટીને અગ્નિસ્નાન કરી લીધું હતું. સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન રવિવારે પ્રતિમાદેવીનું મોત થયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### દેનાબેંક રિટાયર્ડ એમ્પ્લોઇઝ વેલફેર એસો.નું અર્ધવાર્ષિક સંમેલન યોજાયું



સુરતઃ દેનાબેંક રિટાયર્ડ એમ્પ્લોઇઝ વેલફેર એસોસીએશન, સુરતનો 'અર્ધવાર્ષિક મિલન સમારંભ' રવિવારે તા.4થી જાન્યુ.ના રોજ સિનિયર સિટીઝન હોલ, ઇશીતા પાર્ક, અડાજણ, સુરત ખાતે સંપન્ન થયો હતો. જેમાં ભરૂચ, અંકલેશ્વર તથા નારગોલ, વાપી, સેલવાસ સુધીના વિવિધ કેન્દ્રના ૧૩૦ કરતાં વધુ સભ્યો હાજર રહ્યા હતા. રામસિંહ ગોહીલની પ્રાર્થના, ભરત શાહનું સ્વાગત, હેવાલ રજૂ, પ્રમુખ તરૂણ પરીખની સંસ્થા વિશેની માહિતી સાથે વિવિધ પ્રશ્નોની રજૂઆત થઈ હતી. ગીરીશભાઈ દેસાઈ, પ્રકાશભાઈ દેસાઈ અને હેમલભાઈ ઝવેરીએ સંસ્થાની કામગીરીને સારી ગણાવી હતી. સંસ્થાના ૭૫ વર્ષની આયુસીમા પાર કરી ચૂકેલા ૨૪ જેટલા સભ્યોનું શાલ ઓઢાડી સન્માન સાથે ઉપપ્રમુખ હરીશ નાયક દ્વારા આભારવિધી કરાઈ હતી. સભાની સફળતા માટે શૈલેષભાઈ શુક્લા તથા એસ.આર.બોરસેની જહેમત રહી હતી.

### ન.મો. ઝવેરી યુનિયન હાઈસ્કૂલના મ. શિક્ષિકા ભાવના પટેલ નિવૃત્ત થયાં



સુરતઃ યૂનિયન એજ્યુકેશન સોસાયટી સંચાલિત ન.મો.ઝવેરી યૂનિયન હાઈસ્કુલ લાલગેટ સુરત ખાતે તા. 24/12/2025 ને બુધવાર નાં રોજ માધ્યમિક વિભાગના મ.શિક્ષિકા શ્રીમતી ભાવનાબેન એ. પટેલનો નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં સોસા.ના અધ્યક્ષ પદ્મશ્રી યઝદી કરંજીયા, ગાંધીનગરના નાયબ નિયામક જે.કે.પટેલ, સુરત જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથસિંહ પરમાર, મંત્રી નંદ કિશોરભાઈ ટેલર, કોષાધ્યક્ષ અને એડવોકેટ રાજેન્દ્રભાઈ મેવાવાલા, વાડિયા વિમેન્સ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક અશોકભાઈ દેસાઈ, પૂર્વ વિદ્યાર્થી અને એડવોકેટ વિનિતભાઈ તમાકુવાલા, ઈ. આચાર્ય ભરતભાઈ પટેલ હાજર રહ્યા હતા. ભાવનાબેન પટેલને તમામ દ્વારા શુભેચ્છા પાઠવાઈ હતી. સુનીલભાઈ પટેલ તથા મહેશ્વરીબેન ચૌધરીની સાથે વિદ્યાર્થીઓ પાનવાલા કરણ અને સોલંકી દિશાંતે ભાવનાબેન સાથેના સંસ્મરણો યાદ કર્યા. રીનાબેન પરમારે આભાર વિધિ, તેજલબેન પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### શ્રી વાળંદ યુવા શક્તિ યુવકમંડળ દ્વારા માતૃ-પિતૃ વંદન અને તેજસ્વી તારલાઓનું સન્માન



સુરતઃ શ્રી વાળંદ યુવા શક્તિ યુવક મંડળ, સુરત દ્વારા સ્થાપના દિન નિમિત્તે સંસ્થાના 20માં વર્ષના મંગલ પ્રવેશની ઉજવણી અંતર્ગત 'મા-બાપથી મોટું આ દુનિયામાં કોઈ નથી' સંદેશને કેન્દ્રમાં રાખી માતૃ-પિતૃ વંદન સાથે સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું. મુખ્ય પ્રેરક વક્તા મનીષભાઈ વઘાસિયાએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, જીવનમાં સંસ્કાર, સંયમ અને સફળતાનું મૂળ માતા-પિતાના આશીર્વાદમાં સમાયેલું છે. યુવા પેઢીએ પ્રગતિ સાથે માતા-પિતાની સેવા અને સન્માનને સર્વોચ્ચ કર્તવ્ય માનવું જોઈએ. કાર્યક્રમમાં સંજયભાઈ રાવરાણી, દિલીપભાઈ વાઘેલા, પ્રકાશભાઈ કચ્છી(આબીસી), હરેશભાઈ ભટ્ટી (લોર્ડ ક્રિષ્ના) સહિત અનેક દાતાઓ અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા શકિત યુવક મંડળ, સોરઠીયા વાળંદ સમાજ યુવક મંડળ અને વાજા પરિવારના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

### વિશ્વ હિન્દી દિવસ નિમિત્તે NTPC કવાસમાં હિન્દી ક્વીઝ સ્પર્ધા યોજાઈ



સુરતઃ વિશ્વ હિન્દી દિવસ નિમિત્તે NTPC કવાસ સ્ટેશન પર હિન્દી ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે, પ્રોજેક્ટ હેડ (કવાસ), અનિલ શંકર શરણ, એડિશનલ જનરલ મેનેજર (ઓપરેશન્સ અને મેઇન્ટેનન્સ), સંજય મિત્તલ, એડિશનલ જનરલ મેનેજર (ઇન્ફર્મેશન ટેકનોલોજી), શ્રી વિનીત ગુપ્તા, અને કવાસ અને VPG ના તમામ વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓએ વિશ્વ હિન્દી દિવસ નિમિત્તે આયોજિત હિન્દી ક્વિઝ સ્પર્ધામાં હાજરી આપી હતી. આજના ટેકનોલોજીકલ યુગમાં, હિન્દી નવી ઉર્જા સાથે પ્રગતિ કરી રહી છે. આપણે હિન્દી બોલવામાં, લખવામાં અને ઉપયોગમાં ગર્વ અનુભવવો જોઈએ.

### ગાંધી સરકારી એન્જિનિયરિંગ કોલેજમાં RMTW-2026 તાલીમ કાર્યક્રમ સંપન્ન

સુરતઃ સુરતની ડો. એસ. એન્ડ એસ. એસ. ગાંધી સરકારી એન્જિનિયરિંગ કોલેજના સિવિલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા તા. 5 થી 9 જાન્યુઆરી, 2026 દરમિયાન રિસર્ચ મેથોલોજી & ટેક્નીકલ રાઈટીંગ (RMTW-2026) વિષય પર GUJCOST પ્રાયોજિત અને CTE મંજૂર પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો. રાજ્યની વિવિધ કોલેજોના 28 અધ્યાપકોએ ભાગ લીધો. કાર્યક્રમ દરમિયાન સંશોધન પદ્ધતિ, નૈતિકતા, ટેક્નિકલ લેખન, સિટેશન અને ગ્રાન્ટ વિષયો પર દેશભરના 14 તજજ્ઞોએ માર્ગદર્શન આપ્યું. પૂર્ણાહુતિ સમારોહમાં સંશોધન ગુણવત્તા પર ભાર મૂકાયો અને ભાગ લેનાર અધ્યાપકોને પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવ્યા.

### સ્કેટ કોલેજ ખાતે એઆઇ પર આધારિત કોન્કલેવનું સફળ આયોજન કરાયું



સુરતઃ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સાર્વજનિક યુનિવર્સિટી, સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી , સુરત દ્વારા તથા સાઉથર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સુરતના સહયોગથી, 9 જાન્યુઆરી, 2026ના રોજ સાર્વજનિક યુનિવર્સિટી કેમ્પસ, સુરતમાં એક દિવસીય "Artificial Intelligence (AI) કોન્કલેવ - ઇન્ડસ્ટ્રી અકેડેમિયા કનેક્ટ" નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કોન્કલેવ દરમિયાન ડો. કાર્મેલ મેરી એસ્થર (બેંગલુરુ) દ્વારા AI for Start-ups & the Innovation Ecosystem વિષય પર નિષ્ણાત વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. શિવાણી શર્મા દ્વારા ColumsproutAI નું લાઈવ ડેમો રજૂ કરવામાં આવ્યું. બે ઉદ્યોગ નિષ્ણાતો સાથે સાર્વજનિક યુનિ.ના ડો. નિરાલી નાણાવટી અને ડો. યેશા મેહતા જોડાયા હતા. પેનલ ચર્ચાનું સંચાલન પ્રોફેસર (ડો.) સરોશ દસ્તૂરે કર્યું હતું. કાર્યક્રમને ડો. વંદના શાહ, ડો. સારોશ દસ્તૂર અને તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક સંચાલિત કરવામાં આવ્યું.

### પ્રોફેશનલ યોગ ચેમ્પિયનશિપમાં રિચી ગાંધી અને વૈશાલી ગણાત્રાની સિદ્ધિ



સુરતઃ વૈશાલી ગણાત્રાએ યોગ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા રાંચી, ઝારખંડમાં યોજાયેલી 50મી રાષ્ટ્રીય રેફરી યોગ ચેમ્પિયનશિપમાં (વય જૂથ 30 વર્ષ ઉપર) ત્રીજું સ્થાન મેળવ્યું. અને રિચી સમીર ગાંધીએ ચોથું સ્થાન મેળવી સુરતનું ગૌરવ વધાર્યું છે. તેઓ લાંબા સમયથી યોગાભ્યાસ, અનવરત મહેનત, સ્વાનુશાસન અને નિષ્ઠાથી પોતાનો યોગ-પ્રવાસ આગળ વધારી રહ્યા છે.